# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **આજે ધૂળેટીના પર્વની શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવણી થાય તે માટે રાજ્યનું પોલીસ તંત્ર એલર્ટ મોડ પર.**
2. **પ્રાકૃતિક રંગો સાથે ધૂળેટીના પર્વની ઉજવણી કરવા માટે મુખ્યમંત્રીએ નાગરિકોને અપીલ કરી.**
3. **પ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકા અને ડાકોરમાં ધૂળેટીની ઉજવણી માટે સેંકડો કૃષ્ણ ભક્તો ઉમટ્યાં.**
4. **રાજ્યભરમાં પરંપરાગત રીતે અને શાંતિપૂર્ણ માહોલમાં હોળીકા દહન કરાયું.**
5. **આગામી દિવસોમાં સતત ઉંચકાતો પારો નીચે જાયે તેવી રાજ્યના નાગરિકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળે તેવી હવામાન વિભાગની આગાહી**
6. **મહિલા પ્રિમિયર લીગની મેચમાં મુંબઇ ઇન્ડિયન્સ સામે ગુજરાતનો પરાજય.**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# POLICE ALERT

તહેવારની ઉજવણી દરમિયાન રાજ્યની પોલીસ સતર્ક બની છે. આજનો ધૂળેટીનો તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે પોલીસ ખડેપગે છે. તાજેતરમાં રાજ્યના પોલીસવડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનરો અને પોલીસ અધિક્ષકો સાથે વિડિઓ કોન્ફરન્સ યોજીને તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં થાયે તેવી સૂચના આપી હતી.

અફવાઓ અંગે ખાસ સોશિયલ મીડિયા મોનીટરીંગ પણ કરાઇ રહ્યું છે , જેને કારણે કોઇ અફવા ન ફેલાય અને તેને કારણે કોઇ ગેરસમજ ન ફેલાય તે માટે જ પણ પોલીસ સતર્ક બની છે.

તકેદારીના ભાગરૂપે વધુ ભીડભાડવાળી જગ્યાઓ અને ધાર્મિક સંસ્થાઓ પર જરૂરી બંદોબસ્ત રાખી અને સંવેદનશીલ સ્થળોએ પૂરતી પોલીસ ફોર્સ પણ તૈનાત કરી દેવાઇ છે.

---

# CM DHULETI

આજે ધુળેટીના અવસરે પ્રાકૃતિક રંગોથી રંગાઈને ઉજવણી કરીએ , તેવી મુખ્યમંત્રીએ લોકોને અપીલ કરી હતી. સાથે જ પ્રજાજનોનું સ્વાસ્થ્ય નિરોગી રહે અને તેમના જીવનમાં સુખાકારી વધે તેવી પણ આજના પ્રસંગે મુખ્યમંત્રીએ પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ   ઈકાલેમ  અમદાવાદમાં થલતેજ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાં વૈદિક હોલિકા દહનમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વૈદિક હોળીનું પૂજન કરી દર્શન કર્યા હતા.

મુખ્યમંત્રીએ આ પાવન પ્રસંગે પ્રજાજનો માટે પ્રાર્થના કરતા જણાવ્યું હતું કે , આપણો દેશ સંસ્કૃતિ સાથે જોડાયેલો દેશ છે. આપણે સૌ એક સાથે મળી આપણી સંસ્કૃતિને સાથે લઈ તહેવારની ઉજવણી કરીએ .

---

# DWARKA FULDOLOTSAV

ધુળેટીના આજના   પાવન  પર્વ નિમિત્તે પ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકમાં દેશ    - વિદેશમાંથી હજારો કૃષ્ણ ભક્તો પધારી રહ્યાં છે. આજે ઉજવાનાર ફૂલડોલો  ત્સવની શ્રધ્ધાપૂર્વક, ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી ધનારા છે.  આજરોજ મંદિર સમિતિ તેમજ પૂજારી પરિવાર દ્વારા બપોરે 1:30 વાગ્યાથી 2:30 વાગ્યા સુધી ખાસ ઉત્સવ દર્શન તેમજ ફુલડોલ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હોય, જેમાં હજારોની સંખ્યામાં ભક્તો દ્વારકાધીશ મંદિરમાં અબીલ ગુલાલ સાથે ભગવાન દ્વારકાધીશની સાથે  હોળી  રમશે.  પ્રસ્તુત છે આકાશવાણીના દ્વારકાના અમારા પ્રતિનિધિનો અહેવાલ.

## વોઇસ કાસ્ટ – કરણ જોષી , દ્વારકા

ભગવાન દ્વારકાધીશ પણ આ ફુલડોલ મહોત્સવમાં જાણે રંગે રમતા હોય તેવા ભાવ સાથે ભગવાન દ્વારકાધીશને ચાંદીની પિચકારી તેમજ રંગબેરંગી કલર ધરવામાં આવ્યા હતા.

---

# DAKOR PUNAM

યાત્રાધામ ડાકોરમાં ફાગણી પૂનમનુ વિશેષ મહત્વ છે. આ દિવસે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટે છે. એક અંદાજ મુજબ આજે દિવસભર અંદાજે 5 લાખથી વધુ ભાવિકો ઉમટશે, અને રાજાધિરાજના અલૌકિક દર્શન કરી ધન્યતા અનુભવશે. ગુજરાતના ખુણે -ખુણેથી ડાકોર ખાતે ભક્તો ચાલીને પગપાળા આવે છે અને ઠાકોરજીના દર્શન કરે છે. મંદિરમાં ભજન કિર્તનની બરાબર રમઝટ જામે છે , આ સમયે 'ડાકોરના ઠાકોર તારા બંધ દરવાજા ખોલ' આ એક જ નાદથી ડાકોરના દ્વાર ગૂંજી ઉઠે છે. આજે વહેલી સવારે યોજાયેલી મંગળા આરતીમાં મોટી સંખ્યામાં કૃષ્ણ ભક્તો ઉમટ્યા હતા.

આ અંગે વધુ અહેવાલ આપે છે અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર

**(બાઇટ – જનક જાગીરદાર)**

---

# HOLI FESTIVAL - 1

રાજ્યભરમાં આજે ધુળેટીના પર્વને લઈ લોકોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે, લોકો છેલ્લી ઘડી સુધી અબીલ ગુલાલ અને વિવિધ રંગો ખરીદતા જોવા મળ્યા હતા. સવારથી જ લોકો એકબીજાને રંગ લગાડી હોળીની શુભેચ્છા પાઠવશે.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, પ્રાકૃતિક કલર અને પાણીના બચાવ સાથે ધુળેટીની ઉજવણી કરાશે. પાણી બચાવવાના સંદેશ સાથે જિલ્લાના નાગરિકો પ્રાકૃતિક કલરથી હોળી રમશે. અનેક સોસાયટીઓના

રહીશો સૌ સાથે મળી ભોજન લેશે. ગઈકાલે ભક્તિભાવપૂર્વક હોલીકા દહન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. લોકોએ હોલીકા દહનમાં મકાઈ , કપૂર, શ્રીફળ, ખજૂર, હારડો સહિતની વસ્તુની આહૂતિ આપી પ્રદક્ષિણા કરી હતી.

વિસનગર ખાતે હોળી પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી , સ્થાનિક રહેવાસી જીગ્નેશ પટેલે આ અંગે માહિતી આપી

**બાઇટ – જીગ્નેશ પટેલ , વિસનગર**

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે , જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ શક્તિપીઠ પાવાગઢ ખાતે શ્રી મહાકાળી માતાના મંદિર પરિસરમાં ગઇકાલે શાસ્ત્રોત વિધિવત રીતે હોળી પ્રગટાવવામાં આવી હતી. પાવાગઢ ડુંગર પર હોલિકા દહન થયા બાદ 50 કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ગામમાં પણ હોળી પ્રગટાવવામાં આવી હતી. આ સમયે ભક્તો દ્વારા હોળીમાં નાળિયેર , ધૂપ તેમજ કપૂરની ગોટીઓ પધરાવવામાં આવી હતી. અને ગાયના છાણમાંથી બનાવેલા ઓરૈયા અને હારડાનો હાર બનાવી હોળીમાં પધરાવ્યા હતા.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનિર શેખ જણાવે છે કે , જિલ્લાનાં ગામડાઓમાં હર્ષોલ્લાસ અને ધાર્મિક પરંપરા મુજબ હોળી પ્રગટાવી ઉજવણી કરવામાં આવી હતી.

હોળીનાં સ્થળે પરંપરાગત રીતે પૂજા અર્ચના કર્યા બાદ ઢોલ , નગારાનાં નાદ સાથે હોળી પ્રગટાવવામા આવી હતી , અને હોળીમાં શ્રીફળ , ધાણી, ખજુર સહિત ધાન્યનો નેવેધ હોમી હોળી બાઈ તું હોળી વ સદા સીમગા ખેળુનાં ગીતોનાં નાદો સાથે હોળીકાની પ્રદક્ષિણા કરવામા આવી હતી. હોળીકા દહનમાં લાકડા , કપૂર, ગોમૂત્રથી બનેલ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

---

# WEATHER

રાજ્યના અનેક વિસ્તારોમાં કાળઝાળ ગરમી પડી રહી છે..લોકો ગરમીને કારણે ત્રસ્ત બન્યાં છે ત્યારે હવામાન વિભાગે ગરમીમાંથી રાહત મળે તેવી શક્યતા દર્શાવી છે. હવામાન વિભાગના વડા એ કે દાસે કહ્યું છે કે આજથી પાંચ દિવસ રાજ્યના તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. રાજ્ય ઉપર આવતા પવનોની દિશા બદલાતા તાપમાનમાં ઘટાડો થશે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

---

# CRICKET-WPL

મહિલા પ્રિમીયર લીગ ક્રિકેટ- WPL માં મુંબઇ ઇન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સને 47 રનથી હરાવીને સ્પર્ધાની ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. ગઈ કાલે રાત્રે મુંબઇનાં બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા મુંબઇએ હેલી મેથ્યુસ અને નેટ સ્કિવર બ્રન્ટનાં 77- 77 રનની મદદથી ચાર વિકેટે 213 રન કર્યા હતા. જવાબમાં ગુજરાત જાયન્ટ્સ 19.2 ઓવરમાં 166 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું.

હવે શનિવારે ફાઇનલમાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ ટકરાશે. 2023ની WPL ફાઇનલમાં પણ આ બંને ટીમ આવી હતી , જેમાં મુંબઇ ઇન્ડિયન્સનો વિજય થયો હતો.

---

# CHOTAUDEPUR PAILOT

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના કેલદરા ગામની શીતલ રાઠવા અલીરાજપુર ખાતે આવેલ જવાહર નવોદય કેન્દ્રીય વિદ્યાલયમાં ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરતી હતી, તે દરમિયાન મધ્યપ્રદેશના મુખ્યમંત્રીનું હેલીકૉપ્ટર છકતલા ખાતે લેન્ડ થયું હતું, અને આ હેલિકોપ્ટર જોયા બાદ શીતલ રાઠવાને પાયલોટ બનવવાનની મનમાં ગાંઠ વાળી હતી.. તેના માતા-પિતા પણ દીકરીને પાયલોટનો અભ્યાસ કરાવવા ૫૦ લાખ જેટલો ખર્ચ કરી સાઉથ આફ્રિકા મોકલી હોવાનું શીતલ રાઠવાએ જણાવ્યું હતું.

## બાઈટ :શીતલ રાઠવા,પાયલોટ

છોટાઉદેપુર જિલ્લાના રાઠવા સમાજની પહેલી પાયલોટ બનતા સમાજનું અને છોટાઉદેપુર જિલ્લાનું શીતલ રાઠવાએ ગૌરવ વધાર્યું છે.

-----------------------------સમાપ્ત-----------------------------